તા. ૨૦ જૂન ૨૦૧૩

પ્રતિ,

તંત્રી શ્રી

# ગુજરાતીલેક્સિકોન હ્વે મોબાઇલમાં ઉપલબ્ધ

## **ગુજરાતીલેક્સિકોન રજૂ કરે છે તેની વિવિધ પાંચ મોબાઇલ એપ્લિકેશન**

આજે મોબાઇલ ટૅક્નૉલૉજીના યુગમાં નવીન ટૅક્નૉલૉજી સાથે તાલ મેળવીને ગુજરાતીલેક્સિકોન રજૂ કરે છે તેની વિવિધ પાંચ મોબાઇલ એપ્લિકેશન. આ એપ્લિકેશન દ્વારા વેબસાઇટ ઉપર સૌથી વધુ લોકચાહ્ના અને સરાહ્ના પામેલા તેના વિવિધ શબ્દકોશો , કહેવતો, રૂઢિપ્રયોગ અને અન્ય વિભાગો વગેરેને સરળતાથી ઉપલબ્ધ બનાવ્યા છે. આ ઉપરાંત ક્રોસવર્ડ , ક્વિક ક્વિઝ અને અન્ય વિવિધ રમતો એન્ડ્રોઇડ , એપલ આઇઓએસ અને બ્લેકબેરી ધરાવતા મોટાભાગના સ્માર્ટફોન અને ટેબ્લેટમાં રમી શકાશે.

2006થી શરૂ થયેલી આ સફર અત્યાર સુધી 2 કરોડથી પણ વધુ મુલાકા તો દ્વારા મોટા પાયે લોકચાહ્ના પામેલ છે. હ્જુ વધુને વધુ લોકો માટે વેબસાઇટ અને મોબાઇલની સુવિધા ઉપલબ્ધ બનાવવાના પ્રયાસરૂપે આજે અમે તેની એન્ડ્રોઇડ , એપલ આઇઓએસ અને બ્લેકબેરી પ્લેટફોર્મ માટેની મોબાઇલ એપ્લિકેશનનું લોકાર્પણ કરીએ છીએ. આશા છે સૌ ભાષા પ્રેમીઓ માટે આ સુવિધા ઉપયોગી સાબિત થશે.

ગુજરાતીલેક્સિકોન દ્વારા રજૂ થતી પાંચ એપ્લિકેશનની માહિતી નીચે પ્રમાણે છે :

1. GL Dictionary - અંગ્રેજી-ગુજરાતી, ગુજરાતી-અંગ્રેજી, ગુજરાતી-ગુજરાતી એમ ત્રણ પ્રકારના શબ્દકોશો ઉપરાંત આજનો શબ્દ અને આજનો સુવિચારનો સમાવેશ
2. GL Plus - ગુજરાતી વિરુદ્ધાર્થી શબ્દો , રૂઢિપ્રયોગો, શબ્દસમૂહ માટે એક શબ્દ , પર્યાયવાચી શબ્દો અને કહેવતોનો સમાવેશ
3. GL Special - અગત્યનાં પૌરાણિક પાત્રો , છંદ વિષયક , પક્ષી વિષયક અને વનસ્પતિ વિષયકનો સમાવેશ
4. GL Games - ગુજરાતી ક્વિક ક્વિઝ અને ક્રોસવર્ડનો સમાવેશ
5. Lokkosh – લોકોના સાથ અને સહ્યોગથી ચાલતો શબ્દકોશ જેમાં નવા ઉમેરાયેલા શબ્દો, શબ્દમિત્ર બનો અને શબ્દ સૂચવો તથા જૂની મૂડીના શબ્દોનો સમાવેશ

ગુજરાતીલેક્સિકોનની મોબાઇલ એપ્લિકેશન નીચે આપેલી લિંક ઉપરથી મેળવી શકાશે.

- **Android -** play.google.com/store/search?q=gujaratilexicon
- **Blackberry -** appworld.blackberry.com/webstore/search/gujaratilexicon/?

- **iPhone** – Coming Soon !

ગુજરાતીલેક્સિકોનના સ્થાપક શ્રી રતિલાલ ચંદરયા આ પ્રસંગે જણાવે છે કે: ‘આજે મોબાઇલ યુગનો જમાનો છે. ગુજરાતીલેક્સિકોન ટીમ ઉમેરાતી જતી નવી નવી ટૅક્નૉલૉજીના ઉપયોગથી ગુજરાતી ભાષાને વધુ સમૃદ્ધ બનાવવા સતત પ્રયત્નશીલ છે . આથી જ અમે ગુજરાતીલેક્સિકોનની મોબાઇલ એપ્લિકેશન રજૂ કરવાનું વિચાર્યું.’

શ્રી અશોક કરણિયા જણાવે છે કે : ‘13 જાન્યુઆરી 2006માં જ્યારે ગુજરાતીલેક્સિકોનની વેબસાઇટનું લોકાર્પણ થયું ત્યારથી અત્યાર સુધી અમને સતત ભાષાપ્રેમીઓનો સાથ અને સહકાર મળતો રહ્યો છે . આજે રજૂ થનારી તેની મોબાઇલ એપ્લિકેશનના માધ્યમ થકી વિશ્વભરમાં વધુ ને વધુ લોકો સુધી આ સવલત પહોંચાડવાની ખેવના રાખીએ છીએ. આજનો દિવસ સૌ ભાષાપ્રેમીઓ માટે અવિસ્મરણીય બની રહેશે!’

ગુજરાતીલેક્સિકોનની વેબસાઇટની જેમ જ ગુજરાતીલેક્સિકોન મોબાઇલ એપ્લિકેશન કાર્ય કરે છે . વપરાશકર્તા કોઈપણ અંગ્રેજી શબ્દ લખી તેનો ગુજરાતી અર્થ અને અન્ય માહિતી તરત મેળવી શકશે . ગુજરાતીમાં શબ્દ ટાઇપ કરવા માટે ઓનલાઇન કીબોર્ડની સુવિધા પણ આપવામાં આવી છે.

ઉપરાંત ક્વિક ક્વિઝ અને ક્રોસવર્ડની એપ્લિકેશન પણ મોબાઇલમાં ઉપલબ્ધ છે . આ તમામ એપ્લિકેશન દરેક પ્રકારના સ્માર્ટફોન જેમ કે આઇફોન, દરેક પ્રકારના એન્ડ્રોઇડ ડિવાઇસ , બ્લેકબેરી, આઇપેડ, ગેલેક્સી ટેબ્લેટ વગેરેમાં કાર્ય કરશે.

અર્નિઓન ટૅક્નૉલૉજીના સંચાલક દેવલ તલાટી અને મૈત્રી શાહ જણાવે છે કે : ‘આ એપ્લિકેશન બનાવવા માટે અમારી ટીમે ઘણી બધી મુશ્કેલીઓનો સામનો કર્યો છે . આજે બજારમાં વિવિધ પ્રકારના વિવિધ ઓપરેટિંગ સિસ્ટમ ઉપરાંત વિવિધ સ્ક્રીન સાઇઝ અને વિવિધ લાક્ષણિકતાઓ ધરાવતા ફોન ઉપલબ્ધ છે . અમારો મુખ્ય પડકાર મોટાભાગના બધા સ્માર્ટ ફોનમાં ગુજરાતીલેક્સિકોનની એપ્લિકેશન કાર્ય કરે તે જોવાનો હતો. અમારો બીજો પડકાર એ હતો કે ગુજરાતીલેક્સિકોનના ડેટાબેઝમાં લાખો શબ્દો આવેલા છે જ્યારે મોબાઇલની મેમરી અને સ્ક્રીન સાઇઝ મર્યાદિત છે . આ મર્યાદામાં રહીને ગુજરાતીલેક્સિકોનના ડેટાબેઝને રજૂ કરવાનો હતો જેથી દરેક પ્રકારના સ્માર્ટફોનમાં એપ્લિકેશન કાર્ય કરી શકે.’

## ગુજરાતીલેક્સિકોન વિશે :

45 લાખથી વધુ શબ્દભંડોળ ધરાવતો ગુજરાતીલેક્સિકોન આજે ઘર ઘરમાં જાણીતો બની ચૂક્યો છે . જેનો મુખ્ય ઉદ્દેશ ભાષા અને ટૅક્નૉલૉજીના સમન્વય દ્વારા ભાષાને સંગૃહિત કરી તેનો વ્યાપ વધારવાનો છે . http://www.gujaratilexicon.com વેબસાઇટની મુલાકાત લઈને કોઈ પણ ભાષાપ્રેમી પોતાનો શબ્દભંડોળ વધારી શકે છે, સાહિત્ય વાંચી શકે છે અને અમારા આ કાર્યમાં જોડાઈ શકે છે.

ભગવદ્ગોમંડલ ( www.bhagwadgomandal.com), લોકકોશ ( http://lokkosh.gujaratilexicon.com) અને ગ્લોબલ.ગુજરાતીલેક્સિકોન ( http://global.gujaratilexicon.com/)ની સફળ રજૂઆત દ્વારા ગુજરાતીલેક્સિકોને ભાષાપ્રેમીઓ માટે સમગ્ર વિશ્વને કમ્પ્યૂટરની એક ક્લિકે ઉપલબ્ધ કરાવી આપ્યા છે.

ભગવદ્ગોમંડલ એ ગુજરાતી ભાષાનો એકમાત્ર એન્સાઇકલોપિડીયા છે . જેનો સમાવેશ ગુજરાતીલેક્સિકોને પોતાના ડેટાબેઝમાં કરીને સૌ ભાષાપ્રેમીઓ માટે તે હાથવગો કરી આપ્યો છે . લોકકોશના માધ્યમ થકી શબ્દકોશમાં સ્થાન નહીં પામેલા ; પરંતુ લોકવપરાશમાં હોય તેવા શબ્દોને એકત્ર કરવાનો પ્રયાસ કરવામાં આવે છે. જ્યારે ગ્લોબલ.ગુજરાતીલેક્સિકોન એ ગુજરાતી ભાષા અને વિશ્વની અન્ય ભાષાઓ વચ્ચેના સેતુ રૂપ છે. ગુજરાતીલેક્સિકોન આજે વિશ્વભરના લોકોમાં અને તેમાં પણ ખાસ કરીને વિદ્યાર્થીઓ , પત્રકારો, લેખકો, વ્યાપારીઓ, માહિતી સંચાર સાથે સંકળાયેલા લોકોમાં જાણીતું છે.

ગુજરાતીલેક્સિકોન અંગે કોઈ પણ પ્રશ્ન હોય કે વધુ માહિતી મેળવવા માટે અમારો info@gujaratilexicon.com ઉપર સંપર્ક કરી શકો છો.

## અર્નિઓન ટૅક્નોલૉજી વિશે :

અર્નિઓન ટૅક્નૉલૉજીસ નવીન વિચારો ધરાવતી એક સોફ્ટવેર એપ્લિકેશન ડેવલપમેન્ટ કંપની છે જે વેબ એપ્લિકેશન, ડિજિટાઇઝેશન, લોકલાઇઝેશન અને બિઝનેશ સપોર્ટ સર્વિસ જેવાં ક્ષેત્રોમાં વિશેષ આવડત ધરાવે છે. અમે અમારા કલાયન્ટ ની જરૂરિયાત સમજી તેમના માટે શ્રેષ્ઠ ઉપાય શોધી તેમની માંગને સંતોષવાનો સંકલ્પ રાખીએ છીએ .. અમે શ્રેષ્ઠતા અને નવીનતા માટે અનંત શક્યતાઓ પૂરી પાડવા વચનબદ્ધ છે. કંપનીનો મુખ્ય શબ્દપ્રયોગ છે : Exceed Expect at i ons

અર્નિઓન એક મજબૂત બૌદ્ધિક કૌશલ્ય, ઉત્તમ અભ્યાસ અને મૂલ્યવાન સિદ્ધાંતો પર આધારિત એન્ટરપ્રાઇઝ છે. જેનું મુખ્ય કાર્યાલય ભારતના અમદાવાદ શહેરમાં આવેલું છે.

વધુ માહિતી માટે આપ અમારી વેબસાઇટ www.arniontechnologies.comની મુલાકાત લઈ શકો છો અને અમારો info@arniontechnologies.com પર સંપર્ક પણ કરી શકો છો